**ખાનગી**

વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વ મંજૂરી
(Form FC-1A)ની તથા રજીસ્ટ્રેશન
( Form FC-8)નીઅરજીઓની ચકાસણી કરવા બાબત.
ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
પરિપત્ર ક્રમાંકફએફસીઆર/મોનિ.સેલ/૩/૨૦૦૭
તા. ૧૫/૨/૨૦૦૮

**પરિપત્રઃ-**

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૯/૯/૨૦૦૭ના પરિપત્રથી વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વ મંજૂરી (Form FC-1A) ની તથા વિદેશી ફાળો મેળવવા માટે રજીસ્ટ્રેશન ( Form FC-8)ની અરજીઓની ચકાસણી કરવામાં સરળતા રહે તે હેતુથી ચેક લીસ્ટ તૈયાર કરીને આપશ્રીને મોકલવામાં આવેલ છે. સદર ચેક લીસ્ટ પૈકી ફોર્મ એફસી-૧એ ના ચેકલીસ્ટના મુદ્દા-૧ની નિચે મુદ્દા "જે" તરીકે તથા ફોર્મ એફસી-૮ના ચેકલીસ્ટના મુદ્દા-૪ની નિચે મુદ્દા"એફ" તરીકે નિચેનો મુદ્દો ઉમેરવા વિનંતી કરવામાં આવે છે

"અરજી કરનાર સંસ્થાએ આવકવેરા વિભાગ પાસેથી આવકવેરા અધિનિયમની કલમ-૮૦ જી અને ૧૨એ હેઠળ માફીનું પ્રમાણપત્ર કે નોંધણી કરાવી છે કે કેમ?જો કરાવી હોય તો પ્રમાણપત્રની નકલ અરજી સાથે મુકવી."

આ ઉપરાંત એફસીઆર એકટ હેઠળની અરજી ઉપર આપના તરફથી ભલામણ કરતાં અગાઉ ઉકત પરિપત્રના મુદ્દા-૪ અને ૫ માં જણાવ્યા મુજબ જરૂરી ચકાસણી કરાવ્યા બાદ જ ભલામણ કરવામાં આવી હોવાનું રવાનગી પત્રમાં સ્પષ્ટપણે જણાવીને પૂર્વ મંજૂરી કે નોંધણી માટેની અરજી અસલમાં જરૂરી તમામ દસ્તાવેજો/પુરાવા/પ્રમાણપત્રો સાથે બે પ્રતમાં જો તે અરજી સ્વીકારવા યોગ્ય જણાતી હોય તો ભલામણના પ્રમાણપત્રમાં જીલ્લા કલેકટરશ્રીના સહી સિકકા કરીને ગૃહ વિભાગને વિના વિલંબે આગળની જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવાની રહેશે.એફસીઆર એકટ હેઠળ મળેલ અરજી બે માસની અંદર ગૃહ વિભાગને મળી જાય તે રીતે આયોજન કરી મોકલવા વિનંતી જેથી બિન જરૂરી વિલંબ નિવારી શકાય.

આ વિભાગના તા.૧૯/૦૯/૨૦૦૭ના પરિપત્રમાં તેમજ ઉપર આપેલ સૂચનાનો ચૂસ્તપણે અમલ થાય તે જોવા તમામ જીલ્લા કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

મ.મં.પરીખ
(એમ.એમ.પરીખ)
નિયામક
એફસીઆર સેલ
ગૃહ વિભાગ

પ્રતિ,
સર્વે જીલ્લા કલેકટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
**જાણ અર્થે રવાનાઃ-**

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.પોલીસ ભવન,ગાંધીનગર.
- અધિક પોલીસ મહીનર્દેશકશ્રી(ઈન્ટે.)ગુ.રા.ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- શાખા સિલેકટ ફાઈલ.